(શરૂ–૦૧:૧૮, પુર્ણ–૦૧:૩૬ )

<u>સોગંદ આપ્યા...</u>

<u>વાદીના સાહેદ બીપીનભાઈ લાલજભાઈ દલવાડીની આંક–૮૨ની સરતપાસ લગત પ્રતિવાદી નં.૧ તરફે ઉલટ તપાસ વિ.વ.શ્રી ડી.એમ.વ્યાસ.</u>

૧. હું ધોરણ ૧૨ સુધી ભણેલ છુ. મારી જન્મ તારીખ ૦૫/૧૦/૧૯૯૧ છે. એ વાત ખરી છે કે દાવાવાળી મીલકતનો વ્યવહાર મારા જન્મ પહેલા થયેલ હોય જેથી મને તે અંગે જાતમાહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પિતાજીને માહીતી હતી તેમણે મને જણાવેલ તે રીતે હું જાણુ છુ. એ વાત ખરી છે કે હું નામ. કોર્ટમા કોર્ટના સાહેદ સમન્સના આધારે સાહેદી આપવા આવેલ નથી પરંતુ મારી જાતે સાહેદી આપવા આવેલ છુ.

૨. મને એ વાતની ખબર છે કે હાલનો દાવો કયા સર્વે નંબરની તકરાર અંગે છે અને આ તકરાર કયા પક્ષકારો વચ્ચે છે. હાલનો દાવાનો સર્વે નં.૮૨૩ ની તકરારનો દાવો છે અને તેના પક્ષકારો ભરતસિંહ અદુભા અને તેમના પુત્ર ઘનશ્યામસિંહ ભરતસિંહ, ગંગાબા અભેસિંહ, મયાબા અભેસિંહ, રાજેન્દ્રસિંહ હરીસિહ વિગેરે છે. એ વાત ખરી છે કે ઘનશ્યામસિંહ ભરતસિંહ ગુજરી ગયેલ છે. એ વાતની મને ખબર નથી કે બંને દાવાના કામમા એટલે કે રે.દિ.મુ. નં. ૨૭/૨૦૧૩ અને ૨૮/૨૦૧૩ના કામે ઘનશ્યામસિંહ ભરતસિંહ ગુજરી જતા તેમના સીધીલીટીના વારસોને આ દાવાના કામે જોડવામા આવેલ કે કેમ. હુ ઘનશ્યામસિંહ ભરતસિંહના વારસદારોને ઓળખુ છુ.

૩. એ વાત ખરી નથી કે મારા પિતાજીએ ખોટી રીતે પક્ષકારો સામે દાવો કરેલ હોય અને તેમા સમર્થન આપવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મારુ સરતપાસનુ એફીડેવીટ મારા વકીલશ્રીએ લખેલ હોય જેમા મે મારી સહી માત્ર

કરેલ છે.

**પ્રતીવાદી નં.૨ થી ૪ તરફે ઉલટ તપાસ માટે મુલતવી.**

સ્થળ:– હળવદ.
તારીખ:– ૨૨/૦૧/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે મારી રૂબરૂ,
ખરી હોવાનું કબુલ કરે છે.

પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ (નિમિષા ગંગારામભાઈ સુરતી)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,હળવદ